કેનેડાથી પ્રસિદ્ધ થતું ગુજરાતી કમ્યુનિટી ન્યૂઝપેપર | Digital Copy | जननी जन्मभूमिश्च स्वर्गदपि गरियसी

# ગરવી ગુજરાત

I ❤ Gujarat

Gujarati Weekly Community Newspaper

Vol. 1 | Issue 6 | 18 July 2025 | Sugnesh Patel | +1 437-967-0062 | garvigujrat2025@gmail.com | CANADA |

# ભારત અને રશિયા સાથે ત્રિપક્ષીય સહયોગ ઈચ્છે છે ચીન ! RIC ફોર્મેટ ફરી લાગુ કરવાની કરી વાત



ચીને આજે ગુરુવારે (17 જુલાઈ) રશિયા-ભારત-ચીન (RIC) ત્રિપક્ષીય સહયોગ ફરી શરૂ કરવા હાકલ કરી છે. જેમાં પહેલાં રશિયાએ પહેલ કરી હતી. જેનું જિનપિંગે સમર્થન કર્યું છે. ચીને કહ્યું કે, રશિયા, ભારત અને ચીન એમ ત્રિપક્ષીય સહયોગ ન માત્ર ત્રણેય દેશના હીતમાં છે, પરંતુ વિસ્તાર અને વિશ્વની સુરક્ષા અને સ્થિરતા માટે પણ ઘણો અગત્યો છે.

રશિયાના સમાચાર પોર્ટલ ઈઝવેસ્ટિયાએ ગુરુવારે રશિયાના ઉપવિદેશ મંત્રી આંદ્રેઈ રુડેન્કોને ટાંકીને કહ્યું હતું કે, 'માસ્કો RIC ફોર્મેટને ફરીથી સ્થાપિત થવાની આશા રાખે છે અને આ મુદ્દાને લઈને બિજિંગ અને નવી દિલ્હીની સાથે વાતચીત કરી રહ્યા છે.'

રુડેન્કોએ કહ્યું કે, 'અમે આ ફોર્મેટને સફળ બનાવવામાં રુચિ રાખીએ છીએ. કારણ કે બ્રિક્સના સ્થાપક ઉપરાંત આ ત્રણેય દેશો મહત્ત્વપૂર્ણ ભાગીદારો પણ છે. અમે આશા રાખીએ છીએ કે, દેશ RIC મુજબ ફરીથી કામ શરૂ કરવાને લઈને સહમતી બતાવે.'

જ્યારે ચીની વિદેશ મંત્રાલયના પ્રવક્તા લિન જિયાને કહ્યું કે, 'ચીન-રશિયા અને ભારત વચ્ચેનો સહયોગ દેશોના વિસ્તારો સહિત વિશ્વમાં શાંતિ, સુરક્ષા, સ્થિરતા, પ્રગતિ વગેરે બનાવી રાખવામાં મદદ કરશે.'

વિદેશ મંત્રી એસ જયશંકરની ચીનની મુલાકાત બાદ RIC ફોર્મેટને લઈને રશિયા અને ચીન પ્રત્યની રુચિ વધી હોવાનું જોવા મળે છે. આ દરમિયાન વિદેશ મંત્રી વાંગ યી અને તેમના રશિયન સમકક્ષ સર્ગેઈ લાવરોવ સહિતના ટોપના ચીની અધિકારીઓ સાથે વાતચીત કરી હતી.

## રશિયન ઓઈલ મુદ્દે NATO પ્રમુખની ધમકી પર ભારતનો સત્તાવાર જવાબ

## લોકોની જરૂરિયાત અમારી પ્રાથમિકતા

વિદેશ મંત્રાલયે NATOના સેક્રેટરી જનરલ માર્ક રૂટની ભારતને આપવામાં આવેલી ચેતવણીનો જવાબ આપ્યો છે. વિદેશ મંત્રાલયના પ્રવકતા રણધીર જયસ્વાલે રશિયામાંથી ક્રૂડ ખરીદવા મામલે NATOને કહ્યું છે કે, અમારા નાગરિકોની સુરક્ષા અને ઉર્જાની જરૂરિયાતને અમે હંમેશા પ્રાધાન્ય આપીશું.



રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે, અમે રશિયા પાસેથી ક્રૂડ ખરીદવા પર સેકેન્ડરી પ્રતિબંધોના અનેક અહેવાલો જોયા છે. તેના પર અમે ફોકસ કરી રહ્યા છીએ. હું સ્પષ્ટપણે કહીશ કે, પોતાના નાગરિકોની ઉર્જા જરૂરિયાતો પૂરી કરવી એ અમારા માટે હંમેશા પ્રાથમિકતા રહી છે. આ દિશામાં અમે માર્કેટમાં ઉપલબ્ધ વિકલ્પો અને વૈશ્વિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખતાં નિર્ણયો લઈશું. આ મામલે કોઈ બેવડું વલણ અપનાવાશે નહીં.

## Happy Birthday

*આ સાથે જન્મદિવસ નિમિત્તે કેનેડાના કોઈપણ રાજ્યના સાત વર્ષ સુધીના દીકરા અથવા દીકરીનો જન્મદિવસ હોય તો બાળકનું તથા માતા પિતાનું નામ જન્મ તારીખ અને ફોટો અમને મોકલશો તો આપના દીકરા અથવા દીકરીનો શુભેચ્છા સાથેનો ફોટો અમે નિ:શુલ્ક પ્રસારિત કરીશું તો જે વીકમાં જન્મદિવસ આવતો હોય તેના અગાઉના વીકમાં માહિતી અમને મોકલી આપશો.*

## કેપ્ટન સુમિત સભરવાલે ફ્યૂઅલ સ્વિચ બંધ કરી દીધી હતી

## કો-પાઈલટે ગભરાતાં અવાજે પૂછ્યું, સ્વિચ કેમ બંધ કરી? પ્લેન ક્રેશમાં નવો ઘટસ્ફોટ, વૉલ સ્ટ્રીટ જર્નલનો દાવો

12 જૂને અમદાવાદમાં ક્રેશ થયેલા એર ઈન્ડિયા વિમાનના બે પાઈલટ વચ્ચે થયેલી છેલ્લી વાતચીત અંગે એક નવો દાવો સામે આવ્યો છે. અમેરિકન અખબાર વૉલ સ્ટ્રીટ જર્નલ (WSJ)એ અહેવાલ આપ્યો છે કે વિમાનના કેપ્ટન સુમિત સભરવાલે એન્જિનને ઈંધણનો પુરવઠો બંધ કરી દીધો હતો.



WSJએ અહેવાલ આપ્યો છે કે બે પાઈલટ્સ વચ્ચેની વાતચીતના કોકપિટ રેકોર્ડિંગમાંથી આ વાત બહાર આવી છે. વોઈસ રેકોર્ડિંગમાં જાણવા મળ્યું છે કે બોઈંગ વિમાન ઉડાડી રહેલા કો-પાઈલટ ક્લાઈવ કુંદરે કેપ્ટન સુમિત સભરવાલને પૂછ્યું, 'તમે ફ્યૂઅલ સ્વિચને 'CUTOFF' પોઝિશનમાં કેમ કરી?'

સવાલ પૂછતી વખતે કો-પાઈલટ આશ્ચર્યચકિત થયો. તે ગભરાઈ ગયો હતો, જ્યારે કેપ્ટન સુમિત શાંત દેખાતા હતા.

કેપ્ટન સુમિત સભરવાલ એર ઈન્ડિયા વિમાનના સિનિયર પાઈલટ હતા. તેમને 15,638 કલાક ઉડાનનો અનુભવ હતો અને કો-પાઈલટ ક્લાઈવ કુંદરને 3,403 કલાક ઉડાનનો અનુભવ હતો.

વોલ સ્ટ્રીટ જર્નલે તપાસ સાથે સંકળાયેલા અમેરિકન સૂત્રોને ટાંકીને આ માહિતી આપી છે. જોકે, ભારતીય એજન્સીઓએ આ અંગે કોઈ જવાબ આપ્યો નથી.

તે જ સમયે, વૉલ સ્ટ્રીટ જર્નલના અહેવાલ પછી, ઉડ્ડયન નિષ્ણાત સંજય લાઝરે તપાસ અહેવાલ લીક થવા પર ચિંતા વ્યક્ત કરી છે. તેમણે કહ્યું કે-આશ્ચર્યજનક છે કે અમેરિકન મીડિયા પાસે ભારતીય સંસદ અને નાગરિક ઉડ્ડયન મંત્રાલય કરતાં વધુ માહિતી છે. આ અહેવાલ ભારતમાં સંપૂર્ણ પારદર્શિતા પર સવાલો ઉભા કરે છે. વડાપ્રધાને આ કેસની તપાસ હાઈકોર્ટના વર્તમાન ન્યાયાધીશ દ્વારા કરાવવી જોઈએ.

# સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**19 જુલાઈ શનિવારથી 25 જુલાઈ શુક્રવાર**

**મેષ રાશિ અ, લ, ઈ** સ્વાસ્થ્યની દ્રષ્ટિએ, સ્વાસ્થ્ય માટે સામાન્ય કરતા થોડું સારું રહ્યું છે. ખાસ કરીને સપ્તાહની શરૂઆત સારી રહેશે, કારણ કે આ સમયે તમે તમારી જાતને માનસિક અને શારીરિક રીતે ખૂબ સ્વસ્થ જોશો. જો કે, આ આનંદ અને પાર્ટી દરમિયાન તમારે દારૂ પીવાનું ટાળવું જોઈએ.

**વૃષભ રાશિ બ, વ, ઉ** શાકભાજીમાં ટેમ્પરિંગની જેમ તે ખાડી પણ સ્વાદિષ્ટ બનાવે છે. એ જ રીતે, કેટલીકવાર થોડી ઉદાસી પણ જીવનમાં સકારાત્મકતા લાવવામાં ખૂબ જ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. જીવનમાં કોઈ દુખ ન હોય, તો પછી આપણે સુખની વાસ્તવિક કિંમતનો આનંદ માણી શકીશું નહીં.

**મિથુન રાશિ ક, છ, ઘ** આ અઠવાડિયે તમને પરિવારના સભ્યોના નબળા સ્વાસ્થ્ય સંબંધિત કોઈ સમાચાર પ્રાપ્ત થશે. આને કારણે તમે માનસિક તાણનો પણ ભોગ બની શકો છો. જો તમે ધંધો કરો છો, તો વેપારીઓને આ અઠવાડિયે મોટું આર્થિક નુકસાન થવાની સંભાવના છે.

**કર્ક રાશિ ડ, હ** સામાજિક ક્રિયાપ્રતિક્રિયા કરતાં વધુ, તમારે સ્વાસ્થ્યને પ્રાધાન્ય આપવાની જરૂર છે. રોજિંદા ચાલવા પર અને ખોરાકને બહાર મૂકીને સ્વસ્થ રહેવાનો પ્રયાસ કરો. જો તમને સારો નફો દેખાય તો પણ કોઈ પણ પ્રકારની કમિટી -ગેરકાયદેસર રોકાણમાં તમારા પૈસા મૂકવાનું ટાળો.

**સિંહ રાશિ મ, ટ** આ અઠવાડિયે આર્થિક જીવનમાં આવતી ઘણી સમસ્યાઓ તમારા સ્વાસ્થ્ય જીવનમાં પણ મુશ્કેલીઓ ઊભી કરી શકે છે. કારણ કે આ સમય દરમિયાન, તમારા મગજમાં તણાવની પરિસ્થિતિઓ વહેતી થવાને કારણે, તમે સ્વસ્થ આહાર ખાવામાં અસમર્થ હશો.

**કન્યા રાશિ પ, ઠ, ણ** જો તમારું સ્વાસ્થ્ય નબળું હતું, તો આ અઠવાડિયામાં તમારે આવી વસ્તુઓ અને પ્રવૃત્તિઓ પર કામ કરવાની જરૂર પડશે જે તમારા સ્વાસ્થ્યને સુધારી શકે. સ્વસ્થ રહેવા માટે, તમારી ખરાબ ટેવોમાં સુધારો લાવો અને સારો ખોરાક લેતા સમયે પોતાને વધુ મસાલાવાળા ખોરાકથી દૂર રાખો.

**તુલા રાશિ ર, ત** સ્વાસ્થ્યની દ્રષ્ટિએ, તમને થોડી મુશ્કેલીઓ થાય, આ સમયે કોઈ મોટી બીમારી જોવા મળી નથી, તેથી તમે ખૂબ ખુશ થશો. તેમ છતાં તમારા સ્વાસ્થ્ય પ્રત્યે કોઈપણ બેદરકારી ન લેવી અને સમયે યોગ, ધ્યાન અને કસરત કરવાનું ચાલુ રાખવું જોઈએ જેથી તમે તમારી જાતને ફીટ રાખી શકો.

**વૃશ્ચિક રાશિ ન, ય** આ અઠવાડિયે તમે ખૂબ ભાવનાત્મક દેખાશો, જેના કારણે તમને તમારી લાગણીઓને કાબૂમાં રાખવી મુશ્કેલ લાગે છે. આવી સ્થિતિમાં, તમારું વિલક્ષણ વલણ લોકોને મૂંઝવણમાં મૂકે છે અને તેથી તમે હેરાન થઈ શકો છો. તમારા માટે તે વધુ સારું રહેશે.

**ધન રાશિ ભ, ધ, ફ, ઢ** સગર્ભા સ્ત્રીઓ, ખાસ કરીને, તેમના સ્વાસ્થ્યનું વિશેષ ધ્યાન રાખો. અન્યથા, કોઈપણ પ્રકારના ચેપને લીધે, ખાસ મુશ્કેલીનો સામનો કરવો પડે. આર્થિક પરિસ્થિતિ કથળે તે પહેલાં, તમારી જાતને સંવેદના આપવાનું શરૂ કરો અને તમારી સંપતિ એકઠા કરવાનું પ્રારંભ કરો.

**મકર રાશિ ખ, જ** સારા સ્વાસ્થ્ય માટે તમે છેલ્લા અઠવાડિયામાં જે સખત મહેનત કરી હતી, આ અઠવાડિયામાં તેના કરતા ઓછા પ્રયત્નો કર્યા પછી જ તમને સ્વસ્થ જીવન મળશે. કારણ કે સ્વાસ્થ્યની દ્રષ્ટિએ આ સમયમાં, તમને ખૂબ નસીબ મળશે.

**કુંભ રાશિ ગ, સ, શ, ષ** સ્વાસ્થ્યની દ્રષ્ટિએ આ અઠવાડિયું ખૂબ સારો કહી શકાય. આ સમયે આરોગ્ય માટેનું તમારું સમર્પણ ઘણા રોગોથી છૂટકારો મેળવવા માટે અસરકારક. યોગ અને કસરતને ઓછું ન થવા દો અને શક્ય તેટલા લીલા પાંદડાવાળા શાકભાજીનું સેવન કરો.

**મીન રાશિ દ, ચ, ઝ, થ** આ રાશિના લોકોને આખા અઠવાડિયામાં આરોગ્ય સંબંધિત સમસ્યાઓનો સામનો કરવો નહીં પડે. તેથી, તેમને પોતાને માનસિક અને શારીરિક તાણથી દૂર રાખીને તાજા ફળો અને લીલા પાંદડાવાળા શાકભાજીઓનું સેવન કરવા વિશેષ સૂચના આપવામાં આવી છે.

**શ્રી મહેશકુમાર શાસ્ત્રીજી, કેનેડા+1 647 881 9054**
**વાસ્તુપૂજા કથા વિગેરે માટે સંપર્ક કરો**

### તંત્રી લેખ

# ગરવી ગુજરાતઃ કેનેડાથી ગુંજતી ગુજરાતી અસ્મિતાને મળેલ ભવ્ય પ્રતિસાદ

કેનેડાની ધરતી પરથી ગત ૨૧મી જૂન થી શરૂ થયેલ આપણું ગુજરાતી સાપ્તાહિક "ગરવી ગુજરાત" ને કેનેડા સહિત સાગરપાર ભારત અને તેમાં પણ ખાસ કરીને ગુજરાત અને કેનેડાના ગુજરાતી વાચકો તરફથી જે સુંદર અને ઉષ્માભર્યો પ્રતિભાવ મળ્યો છે, તે ખરેખર હૃદયસ્પર્શી અને પ્રોત્સાહક છે. આ પ્રતિભાવ માત્ર એક અખબારના પ્રારંભિક પ્રયાણને બિરદાવનારો નથી, પરંતુ વિદેશની ભૂમિ પર ગુજરાતી ભાષા, સંસ્કૃતિ અને ઓળખને જીવંત રાખવાના આપણા સામૂહિક પ્રયાસોની સફળતાનો દ્યોતક છે.



જ્યારે અમે "ગરવી ગુજરાત" નો પાયો નાખ્યો, ત્યારે અમારો એકમાત્ર ઉદ્દેશ્ય કેનેડામાં વસતા ગુજરાતી ભાઈ-બહેનોને તેમની માતૃભાષામાં સમાચાર, વિચારો અને મનોરંજન પૂરું પાડવાનો હતો. અમે જાણતા હતા કે પરદેશમાં પોતાની ભાષામાં વાંચવાનો, લખવાનો અને વિચારવાનો અનુભવ કેટલો અનમોલ હોય છે. આ સાપ્તાહિક દ્વારા અમે કેનેડાના ગુજરાતી સમુદાયને એક મંચ આપવા માંગતા હતા, જ્યાં તેઓ પોતાના અવાજને રજૂ કરી શકે અને પોતાની સંસ્કૃતિ સાથે જોડાયેલા રહી શકે. અમને એ કહેતા આનંદ થાય છે કે આપ સૌ વાચકોએ અમારા આ પ્રયાસને સહર્ષ સ્વીકાર્યો છે. કેનેડાના ખૂણેખૂણેથી અને ભારતમાંથી, ખાસ કરીને ગુજરાતમાંથી મળેલા સુંદર પ્રતિભાવોએ અમને નવા ઉત્સાહ અને પ્રેરણાથી ભરી દીધા છે. આપના આ પ્રતિભાવો એ દર્શાવે છે કે ભાષા એ માત્ર સંવાદનું માધ્યમ નથી, પરંતુ તે સંસ્કૃતિ, પરંપરા અને ઓળખનો સેતુ પણ છે. વિદેશમાં વસતા હોવા છતાં, આપણા ગુજરાતીઓએ પોતાની માતૃભાષા પ્રત્યેનો પ્રેમ અને લગાવ જાળવી રાખ્યો છે, જે ખરેખર પ્રશંસનીય છે.

અમે "ગરવી ગુજરાત" ને માત્ર સમાચારો પૂરતું સીમિત રાખવા નથી માંગતા, પરંતુ તેને ગુજરાતી સમાજ, સાહિત્ય, કલા અને સંસ્કૃતિનું પ્રતિબિંબ બનાવવાની નેમ રાખીએ છીએ. આપના સૂચનો અને પ્રતિભાવો અમારા માટે અમૂલ્ય છે, કારણ કે તે અમને વધુ સારું અને સુસંગત કન્ટેન્ટ પીરસવામાં મદદ કરે છે.

આપ સૌ વાચક મિત્રોનો, જેમણે "ગરવી ગુજરાત" ને આટલો સુંદર પ્રતિભાવ આપ્યો છે, તેમનો હૃદયપૂર્વક આભાર. આપનો સહયોગ જ અમારી સૌથી મોટી તાકાત છે. અમે આશા રાખીએ છીએ કે ભવિષ્યમાં પણ આપનો આ પ્રેમ અને સહયોગ અવિરત મળતો રહેશે અને "ગરવી ગુજરાત" કેનેડાની ધરતી પરથી ગુજરાતી અસ્મિતાનો અવાજ બનીને ગુંજતું રહેશે.

જય જય ગરવી ગુજરાત!

**આપનો આભાર તંત્રીશ્રી, સુગ્નેશભાઈ પટેલ - ગરવી ગુજરાત**

# અમિત ચાવડા બીજીવાર બન્યા ગુજરાત કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ

**પૂર્વ મુખ્યમંત્રીના પુત્ર તુષાર ચૌધરીને વિપક્ષના નેતા બનાવાયા, ST-OBCનું સમીકરણ સાધ્યું**

ગુજરાત કોંગ્રેસના નવા પ્રમુખ તરીકે અમિત ચાવડાની નિમણૂક કરવામાં આવી છે તથા તુષાર ચૌધરીને વિપક્ષના નેતા બનાવાયા છે. શક્તિસિંહના રાજીનામા બાદ આંકલાવના ધારાસભ્ય અમિત ચાવડાની પસંદગી કરાઈ છે. અમિત ચાવડા ગુજરાત કોંગ્રેસના પૂર્વ પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકીના મામાના દીકરા છે. તેઓ બીજી વખત પ્રદેશ પ્રમુખ બન્યા છે. તેઓ 2018થી 2021 દરમિયાન પ્રદેશ પ્રમુખ બન્યા હતા. ઉલ્લેખનીય છે કે ગેનીબેન ઠાકોર અને લાલજી દેસાઈ પણ પ્રદેશ પ્રમુખની રેસમાં હતાં.

# સોશિયલ મીડિયા સ્ટાર કીર્તિ પટેલને જેલમાં જ રહેવું પડશે

## સુરત કોર્ટે જામીન કર્યા નામંજૂર

સુરતથી ટિકટોક સ્ટાર કીર્તિ પટેલને લઈ સૌથી મોટા સમાચાર સામે આવ્યા છે. વાસ્તવમાં કીર્તિ પટેલની મુશ્કેલી વધી છે. વિગતો મુજબ હત્યાનાં



પ્રયાસનાં ગુનામાં અને ખંડણીનાં ગુનામાં સતત કોર્ટમાં ગેરહાજર રહેવું કીર્તિ પટેલને ભારે પડ્યું છે. અગાઉ ગુનામાં નાસતી ફરતી કીર્તિ પટેલને પોલીસે પકડી જેલને હવાલે કરી હતી. જે બાદમાં હવે સમાચાર સામે આવ્યા છે. વાસ્તવમાં કોર્ટ દ્વારા કીર્તિ પટેલનાં જામીન નામંજૂર કરવામાં આવ્યા છે. હાલ કીર્તિ પટેલ ખંડણીનાં ગુનામાં જેલમાં બંધ છે.

વાચકોને આ અખબારમાં પ્રસિદ્ધ કોઇપણ જાહેરાતના સબંધમાં પૈસા મોકલવા, કોઇ પણ ખર્ચ ઉઠાવવા અથવા કોઇપણ વાયદા દાવા પર અમલ કરતા પહેલાં જરૂરી પુછપરછ કરવા અને યોગ્ય તપાસ કરવાની સલાહ આપવામાં આવે છે. ગરવી ગુજરાત જાહેરાતકર્તાઓના ઉત્પાદનો અને સેવાઓ માટે કરાયેલ દાવાની જવાબદારી લેતું નથી. જો જાહેરાત આપનાર આવા દાવાનું સન્માન નથી કરતા તો ગરવી ગુજરાતને કોઇપણ પરિણામ માટે જવાબદારી ગણી શકાશે નહીં.


I AM DIFFERENT !!
@realtorravipatel
Looking for the Right Real Estate Expert?
Ravi Patel
REALTOR
Let's Find Your Perfect Home
• Personalized Guidance for Buyers & Sellers
• More Than 5 Years of Experience
• Transparent Service
• Check reviews on Google & Insta and lets get started !!
Let's Get Started
+1(519)-991-7196
www.buywithravi.realtor
@realtorravipatel
RIGHT AT HOME REALTY BROKERAGE

# મુશ્કેલી વગરનું જીવન નહીં, પણ મુશ્કેલીને પાર કરવાની શક્તિ માટે પ્રાર્થના કરો



લેખક-ભરતભાઈભાનુશાલી
વિસનગરગુજરાત

મનુષ્યનો સ્વભાવ છે કે તે સુખી જીવનની કામના કરે છે. દરેક જણ ઈચ્છે છે કે તેના જીવનમાં કોઈ મુશ્કેલી ન આવે, કોઈ મુશ્કેલ સંજોગો ન સર્જાય. પરંતુ હકીકત એ છે કે જીવન એ માત્ર સુખની રાહત યાત્રા નથી.

જીવન એ સંઘર્ષ, પરીક્ષાઓ અને અનિયત પરિસ્થિતિઓનું બીજું નામ છે.

મુશ્કેલી વગરનું જીવન એક મિથ છે. આપણી પ્રાર્થનાઓ જો માત્ર મુશ્કેલીથી બચવા માટે હોય, તો તે નબળાઈ બતાવે છે. સાચી પ્રાર્થના એ હોવી જોઈએ કે ભગવાન આપણી અંદર એ તાકાત અને ધૈર્ય આપે કે અમે દરેક મુશ્કેલીનો સામનો મક્કમતા સાથે કરી શકીએ.

મુશ્કેલીઓ આપણને જીવવાની નવી રીતે સમજ આપે છે. તે આપણું આત્મવિશ્વાસ વધારતી હોય છે. જીવનમાં પડેલા ધક્કાઓ આપણું વલણ મજબૂત કરે છે અને આપણા વિચારોમાં પ્રગટતા લાવે છે. દરેક મુશ્કેલી આપણને કંઈક નવું શીખવી જાય છે- ક્યારેક ધીરજ, ક્યારેક અહંકારનો ત્યાગ, તો ક્યારેક સહાનુભૂતિ.

મુશ્કેલી એ મોકો છે—પસંચાતાપ નહીં, પણ આત્મમંથન માટે.

જેમ લોખંડને તપાવીને જ શુદ્ધ કરવામાં આવે છે, તેમ જીવનમાં પડતી મુશ્કેલીઓ પણ આપણા અહમ, લાલચ અને દુર્બળતાને દૂર કરે છે. તે આપણા આત્માને ઘસે છે અને ચમકાવે છે.

ક્યારેક ભગવાન મુશ્કેલી દૂર નથી કરતા કારણ કે તેમને ખબર છે કે તે મુશ્કેલી આપણને કેવું બનાવશે. તેઓ ઈચ્છે છે કે આપણે મજબૂત બનીએ, નબળા નહીં.

પ્રાર્થના એ સાધન છે જેમાંથી માનસિક શક્તિ મળે છે. જે વ્યક્તિ દ્રઢ મનથી પ્રાર્થના કરે છે, તે મુશ્કેલ પરિસ્થિતિ સામે ઝૂકે નહિ, લડે છે. જીવનની મર્યાદાઓ માનવી પડશે, પણ આપણા ઈરાદા અમર્યાદિત હોઈ શકે છે.

મહાન માણસોનો ઈતિહાસ જુઓ—તેઓએ સફળતા પામવા માટે ક્યારેય સરળ રસ્તો પસંદ કર્યો નહોતો. તેઓએ મુશ્કેલીઓના પર્વતને પણ તેમના ધ્યેય માટે પથ થવાનું બનાવ્યું.

અંતે, દુઃખ કે મુશ્કેલી ન આવું એ તો શક્ય નથી, પણ દુઃખમાં પણ શાંતિ કેવી રીતે જાળવવી એ શીખવું જોઈએ.

આ માટે ભગવાન પાસે એમ ન માંગો કે,

"મને દુઃખ ન આપો", પણ આમ કહો કે, "હે ભગવાન, જ્યાં દુઃખ આવે ત્યાં હું સહેજે ના કરું -મજભૂતીથી એની સામે ઉભો રહી શકું."

હવે તમારું જીવન એ રીતે જીવવું શરૂ કરો કે જ્યાં દરેક પડકારને તમે નવા અવસર તરીકે જોવો. દરેક મુશ્કેલી તમારા આત્માની ઊંચાઈ વધારવાનો માધ્યમ બને.

તો, આવો આજે એક નવી પ્રાર્થના કરીએઃ મુશ્કેલી ન દૂર કરવા માટે નહીં, પણ મુશ્કેલી સામે મક્કમ ઊભા રહી શકીએ એવી તાકાત માટે.

સાચું સંતુલિત જીવન એ છે જ્યાં આપણે પડકારોને ડર સાથે નહીં, ધીરજ અને આશા સાથે સ્વીકારીએ. જે વ્યક્તિ દુઃખમાં પણ શાંતિ જાળવી શકે, એ ખરેખર દિવ્ય છે.

જીવનમાં કોઈ પણ મુશ્કેલી આવી જાય – નાણાંકીય, શારીરિક કે માનસિક-એ દ્વિધા આપણીઅંતિમ નહીં હોય. દરેક મુશ્કેલી આપણને વધુ સમજદાર, કરુણાસભર અને આધ્યાત્મિક બનાવે છે.

તમે નદીની જેમ બનો-રસ્તામાં પથ્થરો આવે તો પોતાની દિશા બદલવાન)હિંમત રાખો, પણ આગળ વધવાનું ન છોડો.

પ્રભુ પાસે એ ન કહો કે, “મારી સામે તુફાન ન લાવો,”

એ કહો કે, “મને એ તુફાનમાં પણ તરી જવાનું સાહસ આપો.”

EDM Elite Digital Marketing LETS BE POPULAR
ELITE
PRINT & DIGITAL MARKETING
Lowest Price
• Business Card, Flyers, Brochures, Posters Banners etc.
• All other Printing
• Website Development
• Social Media Management/SEO
• Graphic Design
• Excel VBA consulting
• Automation Project
• Start Up Consulting
Let's Be popular
facebook Link
Chat
Let's Start!
Parth Patel
647 655 5029
Find on Google

# તમારો અભ્યાસ કાર્યક્રમ પોસ્ટ-ગ્રેજ્યુએશન વર્ક પરમિટ માટે લાયક છે કે નહીં તેની ખાતરી કેવી રીતે કરવી ?



જો તમે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થી તરીકે સ્નાતક થયા પછી કેનેડામાં કામ કરવાની યોજના ઘડી રહ્યા છો, તો તમારે પોસ્ટ-ગ્રેજ્યુએશન વર્ક પરમિટ (PGWP) માટે લાયક બનવાની ખાતરી કરવા માટે અગાઉથી આયોજન કરવું જોઈએ.

ચોક્કસ કાર્યક્રમો માટે, PGWP પાત્ર બનવા માટે તમારે અભ્યાસ ક્ષેત્રની આવશ્યકતાઓને પૂર્ણ કરવાની જરૂર પડશે.

2024 ના અંતમાં, ઈમિગ્રેશન, રેફ્યુજીસ એન્ડ સિટીઝનશિપ કેનેડા (IRCC) એ કેનેડાના કામચલાઉ નિવાસી (કામ અને અભ્યાસ પરમિટ ધારક) વસ્તી ઘટાડવાના વ્યાપક પ્રયાસના ભાગ રૂપે, અભ્યાસના ચોક્કસ સ્તરો પર આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થી સ્નાતકો માટે PGWP ની ઉપલબ્ધતા પ્રતિબંધિત કરી.

આ PGWP પાત્રતા માટે અભ્યાસ ક્ષેત્રની આવશ્યકતાઓ લાદીને કરવામાં આવ્યું હતું, વર્ક પરમિટની ઉપલબ્ધતાને ચોક્કસ અભ્યાસ કાર્યક્રમો સાથે જોડાયેલી નોકરીઓ માટે શ્રમ બજારની માંગ સાથે જોડીને.

આ નવી આવશ્યકતાઓ હેઠળ, કોલેજ અથવા નોન-ડિગ્રી પ્રોગ્રામ સ્તરના આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓએ ખાતરી કરવી આવશ્યક છે કે તેઓ એવા પ્રોગ્રામમાં અભ્યાસ કરી રહ્યા છે જે કેનેડાના શ્રમ બજારમાં માંગવાળા વ્યવસાયો સાથે જોડાય છે.

બધા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓએ સ્નાતક થયા પછી PGWP માટે લાયક બનવા માટે નીચેના માપદંડોને પૂર્ણ કરવા આવશ્યક છે:

PGWP-પાત્ર DLI પર અભ્યાસ કાર્યક્રમ પૂર્ણ કરો જે ઓછામાં ઓછો 8 મહિનાનો હોય (અથવા ક્વિબેકમાં કાર્યક્રમો માટે 900 કલાક).

તેમના અભ્યાસ કાર્યક્રમના દરેક સેમેસ્ટર દરમિયાન કેનેડામાં પૂર્ણ-સમય વિદ્યાર્થી દરજ્જો જાળવી રાખો.

તેઓએ તમારો અભ્યાસ કાર્યક્રમ પૂર્ણ કર્યો છે તેની પુષ્ટિ મળ્યાના 180 દિવસની અંદર તેમની PGWP અરજી સબમિટ કરો. સ્નાતક થયા પછી 180 દિવસ દરમિયાન અને તેઓ તેમની PGWP અરજી સબમિટ કરે તે પહેલાં કોઈક સમયે અભ્યાસ પરમિટની માન્યતા જાળવી રાખો.

-ANB Immigration Services,
Toronto, Canada
905- 230-4300



# મનનું મંથન



લેખક- શ્રી ભદ્રેશભાઈ શાહ
ગોધરા ગુજરાત



"જેમ શ્વાસ વિના દેહ નકામું બની જાય છે, તેમ નિજ જ્ઞાન વિના જીવન નકામું બની જાય છે"

વૈષ્ણવો ! જેમ દેહનું અસ્તિત્વ શ્વાસ વિના શબ છે, તેમ આ દેહ થકી મળેલા જીવનની સાર્થકતા નિજજ્ઞાન છે. હું કોણ છું ? ક્યાંથી આવ્યો ? આ દેહ છૂટે હું ક્યાં જઈશ ?  આ સઘળાં પ્રશ્નોનું સમાધાન આ જીવન થકી મળશે. અન્ય યોનીમાં કોઈ સ્વતંત્રતા નથી. મનુષ્ય દેહે જો જાગૃતિ રાખીએ તો અનંત કાળની રઝળપાટથી સહેજ મુક્તિ મળે તેમ છે.

હે વૈષ્ણવો ! આપણને (જીવ) સ્વરૂપનું વિસ્મરણ થવાના કારણે આ દેહને 'હું' માનીને જીવન જીવીએ છીએ, અને અંતે ભવચક્રના આંટામાં સામેલ થઈ જઈએ છીએ. અરે... આ જીવનની સાર્થકતા છે ?

ના વૈષ્ણવો ના.

આપણને (જીવ) આ મનુષ્ય દેહ થકી કંઈક એવા વિશેષ કાર્યની પૂર્તિ અર્થે પ્રભુએ મોકલ્યા છે, આ રંગમંચ ઉપર આપણને જે પાત્ર ભજવવા મળ્યું છે તેને પૂર્ણ નિષ્ઠાથી નિભાવો. કારણ એ આપણા ભાવોનું પરિણામ છે, એટલે એ આપણે ભોગવવા પડશે. જીવન થકી જીવન સાર્થક કરવાની કળા પણ શિખવાની છે. દેહ એ 'હું' નથી દેહ મારૂ સાધન છે. દેહનો સ્વભાવ નાશવંત છે, તેને ગમે તેટલું સાચવીએ તો પણ તે દિવસે દિવસે ગલન થઈ રહ્યો છે. સમય ઓછો છે, વૈષ્ણવો કઈ પળ આખરી છે તેની ખબર નથી. તો હરપલ સ્વયંનું સ્મરણ રહે તેવા સંગે અને તેવા પ્રયત્ન થકી આપણા મૂળ અધિષ્ઠાનમાં સ્થિત થવાનું લક્ષ રાખીએ.

વૈષ્ણવો ! જગતના દ્વંદ્વ આપણને વિચલિત કરશે, પણ એક પ્રેમીની જેમ તમારા સ્વરૂપ પ્રિયતમની યાદમાં રત રહીએ. ગમે તેટલી વ્યસ્તતા આવે, ગમે ના ગમે તેવા પ્રસંગો આવે તો પણ એમ માનજો કે આ સંયોગી છે. આવ્યા છે તો જરૂર જશે. નહીં જાય તો તે તમારો પ્રાણનાથ છે, એ તમને છોડશે નહીં, આપણે એને ભૂલીને ભટકી ના જવાય તે ધ્યાન રાખીએ. એજ ભક્તિ છે એ જ શ્રેષ્ઠ સાધના છે.

"તારા શુદ્ધ સ્વરૂપ સિવાય, બીજું દેખાય તે માયા (અવિદ્યા) છે."

વૈષ્ણવો ! બધા જ સ્વરૂપમાં પ્રિય પ્રિતમ છે, એજ અખંડને અવિનાશી છે. નામ રૂપ ગુણ આકાર એ મિથ્યા ભ્રમ છે તેની બાદબાકી થતાં એક સ્વયં બ્રહ્મ જ છે તે અનુભવ કરીએ. તે દ્રષ્ટિથી સૌને નિહાળીએ. "બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે." શ્રીવલ્લભને સાક્ષાત્કારી સાનિધ્ય રાખીને આ પરવાનો લેવાનું નામ જીવન સાર્થકતા. બાકી, સ્મશાન સુધીની સિધ્ધિને રાખ જાણો. વૈષ્ણવો ! કોઈની સાથે અથડામણમાં ના પડશો, નહીંતર રાગ દ્વેષ થશે અને સ્વયંનો પથ ચૂકી જવાશે. માટે હું તું કરી પરમા પ્રવેશ ના કરશો. જાગી જાઓ તો સ્વપ્નું મિથ્યા છે તેમ બ્રહ્મ સત્ય જગત મિથ્યા સમજાઈ જશે .

"પુષ્ટિમાર્ગ નિજ ધર્મ છોડીને, પ્રકુતિના ધર્મમાં ફરે; આધિ વ્યાધિ ને ઉપાધીમાં, જીવડો કાયમ બળે :"

-જૈ જૈ શ્રીગોકુલેશ







ROYAL LEPAGE
Flower City Realty
BROKERAGE, INDEPENDENTLY OWNED & OPERATED



REAL ESTATE

# MANISH PATEL

HELPING YOU IS WHAT WE DO

**Specialized in Pre-Construction & Assignment Sales**

## *SALES REPRESENTATIVE*

Cell : 416 - 992 - 0214
Email : realtormanishg@gmail.com
***www.FlowerCityRealty.com***

| | |
|---|---|
| **BRAMPTON** | 10 Cottrelle Blvd, Suite 302, L6S 0E2 |
| **MISSISAUGA** | 30 Topglight Dr. Suite 12, L5S 0A8 |

## કેનેડાના ટોરેન્ટો શહેરમાં વસતા ગુજરાતી કોમ્યુનિટીના એક સમુદાય દ્વારા

# સરગમ કરાઓકે ગ્રુપનો સંગીત સંધ્યાનો પ્રોગ્રામ યોજાયો






કેનેડાના ટોરેન્ટો શહેરમાં વસતા ગુજરાતી કોમ્યુનિટીના એક સમુદાય દ્વારા ભાઈશ્રી અમીધર ભટ્ટની આગેવાની હેઠળ સરગમ કરાઓકે ગ્રુપનો સંગીત સંધ્યાનો પ્રોગ્રામ 12 જુલાઈના શનિવારે પોલ પેલેચી રીકરેસન સેન્ટરના હોલમાં યોજાયો હતો. જેમાં બારથી 15 સિંગર ભાઈ બહેનોએ ભાગ લીધો હતો. પ્રોગ્રામની શરૂઆત ગણેશ વંદના, દીપ પ્રાગટ્ય તથા પ્રાર્થનાથી આદરણીય રોહિણીબેને કરાવી. આ સાથે સ્ટેજનું સુંદર સંચાલન પણ તેમણે કર્યું. સિનિયર સિંગરો જેવા કે શ્રી નરેન્દ્રભાઈ શાહ, શ્રી અજયભાઈ ભાવસાર, શ્રી સુનિલભાઈ પટેલ, શ્રી અમીધરભાઈ ભટ્ટ, શ્રી મુકેશભાઈ શાહ, શ્રી અતુલભાઈ જાની, શ્રી પ્રવીણભાઈ બ્રહ્મભટ્ટ, શ્રી ઈશ્વરભાઈ પટેલ તેમજ આદરણીય રોહિણીબેન વાયડા આદરણીય સંગીતાબેન શાહ, આદરણીય પિન્કીબેન સોની, આદરણીય મનિષાબેન ઠક્કર, આદરણીય અંજનાબેન શાહ તેમજ આદરણીય નીલાબેન ભટ્ટે પોતાના ગીતોની સુંદર રજૂઆત કરી.




અતિથિ વિશેષ તરીકે પધારેલા ગુજરાત ન્યુઝલાઈન પેપરના એડિટર અને સંપાદક શ્રી લલીતભાઈ સોની તેમજ આદરણીય શ્રી અંજલીબેન સોનીનું પુષ્પગુચ્છથી સ્વાગત આદરણીય શ્રી જગદીશભાઈ પટેલ સાહેબે તેમજ આદરણીય રોહિણી બેને કર્યું. આદરણીય લલિતભાઈ સોનીએ સુંદર મજાના બે ગીતો ગાઈને બધાને ખૂબ આનંદ અપાવ્યો. આ સાથે સ્ટેજ સેટઅપ કરવામાં શ્રી કેકુલભાઈ શાહ અને શ્રી વિપુલભાઈએ ખૂબ જ જહેમત ઉઠાવી હતી. ફુડ લાવવા માટે કારની વ્યવસ્થા આદરણીય શ્રી કિરીટભાઈ પટેલે કરી. આ માટે સરગમ ગ્રુપ આ તમામ આદરણીય વડીલોનો આભાર માને છે આ સાથે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સેવાઓ આપનાર ગ્રુપના તમામ આદરણીય સભ્યનો પણ આભાર માને છે..... જય શ્રી કૃષ્ણ..

# પંડિત ધીરેન્દ્ર શાસ્ત્રીએ ઈતિહાસ રચ્યો : બ્રિટિશ સંસદમાં પહેલીવાર હનુમાન ચાલીસા ગવડાવી; ઘણા સાંસદો અને અધિકારીઓ હાજર રહ્યા

બાગેશ્વર ધામના સંત અને દેશના જાણીતા કથાકાર પંડિત ધીરેન્દ્ર શાસ્ત્રીએ લંડન મુલાકાત દરમિયાન ઈતિહાસ રચ્યો છે. પંડિત ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીની યુરોપિયન દેશોની મુલાકાત દરમિયાન સંસદ ભવનની અંદર હનુમાન ચાલીસાના શ્લોકો વાંચવામાં આવ્યા હતા.

બ્રિટિશ સંસદના ઈતિહાસમાં પહેલીવાર સંસદ ભવનની અંદર હનુમાન ચાલીસા વાંચવામાં આવી હતી. બ્રિટિશ સંસદમાં સાંસદોના એક જૂથ દ્વારા આયોજિત એક ખાસ કાર્યક્રમમાં બાગેશ્વર ધામ બાબા તરીકે જાણીતા પંડિત ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીનું સન્માન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન સંસદમાં હનુમાન ચાલીસાનો પાઠ કરવામાં આવ્યો હતો.

ઉત્સાહ અને ગર્વનું વાતાવરણ બાગેશ્વર ધામના સત્તાવાર X હેન્ડલ દ્વારા શેર કરાયેલા વીડિયો અનુસાર, ધીરેન્દ્ર શાસ્ત્રીની હાજરીમાં ઘણા લોકો-અધિકારીઓ અને સાંસદો ભક્તિભાવથી હનુમાન ચાલીસા વાંચતા જોવા મળ્યા હતા. બાગેશ્વર ધામે X પર એક પોસ્ટમાં વીડિયો શેર કર્યો અને લખ્યું, "લંડનના



સંસદના ઈતિહાસમાં પહેલીવાર... પૂજ્ય સરકાર દ્વારા શ્રી હનુમાન ચાલીસા વાંચવામાં આવી... સંસદમાં આવેલા તમામ મહેમાનોએ ભક્તિભાવથી વાંચી..." આનાથી બ્રિટનમાં હાજર ભારતીય ઈમિગ્રન્ટ્સમાં ઉત્સાહ અને ગર્વનું વાતાવરણ સર્જાયું.

હિન્દુ સમુદાયના લોકો હાજર રહ્યા આ વીડિયો સોશિયલ મીડિયા પર મોટે પાયે શેર થઈ રહ્યો છે. ઘણા સોશિયલ મીડિયા યુઝર્સે કહ્યું હતું કે ધીરેન્દ્ર શાસ્ત્રીએ લંડનની સંસદમાં હનુમાન ચાલીસાનો પાઠ કરીને સનાતન ધર્મનો અવાજ આંતરરાષ્ટ્રીય સ્તરે લઈ ગયા છે. લોકોએ તેને ઐતિહાસિક અને ગર્વની ક્ષણ ગણાવી. હનુમાન ચાલીસાના પાઠ દરમિયાન બ્રિટિશ સંસદમાં વિવિધ દેશોના હિન્દુ સમુદાયના લોકો હાજર



હતા.

બ્રિટિશ સંસદમાં ભારતીય ધાર્મિક ગ્રંથનું પાઠ અહેવાલ મુજબ, આ પહેલીવાર છે જ્યારે બ્રિટિશ સંસદમાં ભારતીય ધાર્મિક ગ્રંથનું પાઠ કરવામાં આવ્યું છે. આ દરમિયાન આચાર્ય ધીરેન્દ્ર શાસ્ત્રીએ ભારતીયો અને પાકિસ્તાની લોકો દ્વારા પૂછવામાં આવેલા તમામ સવાલોના જવાબ પણ આપ્યા હતા.

પાકિસ્તાન હાઈ કમિશનની બહાર હનુમાન ચાલીસાનો પાઠ આ વર્ષની શરૂઆતમાં એપ્રિલમાં પહેલગામ આતંકવાદી હુમલા પછી ભારતીય અને પાકિસ્તાની ઈમિગ્રન્ટ્સ વચ્ચે વિરોધપ્રદર્શનો ફાટી નીકળ્યાં હતાં. આતંકવાદી હુમલામાં 26 લોકોએ જીવ ગુમાવ્યા હતા. આ પછી વિદેશી ભારતીયો પાકિસ્તાન હાઈ કમિશનની બહાર ભેગા થયા હતા અને હનુમાન ચાલીસાનો પાઠ કર્યો હતો.

બાબા અગાઉ હેડલાઈન્સમાં રહ્યા હતા દરમિયાન પંડિત ધીરેન્દ્ર શાસ્ત્રી ઓસ્ટ્રેલિયા પ્રવાસ દરમિયાન તેમના પોશાક અને તેમના સમય માટે હેડલાઈન્સમાં બન્યા હતા. મધ્યપ્રદેશના છતરપુરના યુવાન સંતની તસવીરો સામે આવ્યા બાદ તેમને ઓનલાઈન ભારે ટ્રોલ કરવામાં આવ્યા હતા, જેમાં તેઓ સ્ટાઈલિશ સનગ્લાસ અને મોંઘા જેકેટ પહેરીને વિમાનમાં ચઢતા જોવા મળ્યા હતા.

બાબા ક્રૂઝનો આનંદ માણતા પણ જોવા મળ્યા. કાર્યોની પ્રશંસા કરવામાં આવી લંડનના હાઉસ ઓફ કોમન્સ ખાતે ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રી માટે આ ખાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન પંડિત શાસ્ત્રીના ભારતમાં ગરીબ દીકરીઓ માટે લગ્ન સમારોહનું આયોજન, દરરોજ હજારો લોકો માટે અન્નપૂર્ણા સેવા, જરૂરિયાતમંદ લોકો માટે બનાવવામાં આવી રહેલી કેન્સર હોસ્પિટલ જેવાં કાર્યોની પ્રશંસા કરવામાં આવી હતી.


Ankur Shah
REAL ESTATE BROKER
647.866.4400
www.realtorankur.com
RealtorAnkur@gmail.com


Physiotherapy • Osteopath
Massage Therapy
Acupuncture • Orthotics
Chiropractor • Chiropody
Compression Stocking
✓ MVA ✓ WSIB
Tel: 416-551-8466 | Fax: 416-551-9964
albionfinchphysio@gmail.com
1620 Albion Rd., Unit 305, Etobicoke, ON M9V 4B4
albion finch
PHYSIO & REHAB

# દોસ્તી

## દોસ્તી લોહીનો સબંધ નથી દોસ્તી દિવલનો સબંધ છે

કોઇને ના કહી શકાય એવી વાત જેને કહી શકાય એ છે દોસ્તી

જેની સાથે માત્ર હસી શકાય એ નહીં પણ જેની સામે રડી શકાય એ છે દોસ્તી

આવી દોસ્ત જિંદગીમાં હોય તો જિંદગી જીવવાની કંઇક અલગ મજા છે. દોસ્તીની કોઇ વ્યાખ્યા નથી હોતી. હાથ મિલાવીને હૈયું આપી દે તે દોસ્તી કહેવાય. આંખોથી બધુ જ સમજાવી જાય એ દોસ્તી જે પોતે હારી પોતાના દોસ્તને જીતાડી જાય એ દોસ્તી.

સમયની દોસ્તી તો બધા જ કરે છે. પરંતુ મજા તો ત્યારે આવે છે કે ભલે આપણો સમય બદલાય પણ દોસ્તી ન બદલાય.

વેચાણ જાય છે. દરેક સબંધો પણ દોસ્તી જ એક એવી છે કે Not for Sale

આપણે ગમે તેવા કરોડપતિ હોઇએ, સફળ હોઇએ એને સર્ટીફાઇ કરવા તો દોસ્તી જ જોઇએ.



દોસ્તી હોય તો સુદામા, કૃષ્ણ જેવી હોવી જોઇએ કે એક કશું માંગતો નથી અને એક બધુ જ આપીને જણાવતો નથી. દોસ્તીમાં બરાબરી હોતી નથી. એમાં અમીરી ગરીબી હોતી નથી.

કેવી સુંદર છે દોસ્તીની પરિભાષા

**હું શબ્દ ને તું અર્થ, તારા વગર હું વ્યર્થ..**

જીવનમાં દોસ્તી અને પ્રેમ જેને કરીએ તેને એટલો કરીએ કે જ્યારે આપણે તકલીફમાં હોઇએને ત્યારે ભગવાનની પહેલા આપણો દોસ્ત યાદ આવે. દોસ્તી એટલે એક ખભાનું સરનામું જ્યાં દુઃખની ટપાલ ટિકિટ વિના પોસ્ટ કરી શકાય.

ખભા પર હાથ મૂકે અને હૈયું હળવું થાય એ દોસ્તી.

આપણે કાંઇ પણ કહીએ પણ દોસ્તી વગર આપણી જિંદગી અધૂરી છે.

જીવનમાં એક એવી દોસ્તી હોવી જોઇએ કે જે કૃષ્ણની જેમ સાચુ



લેખક - નિર્મળાબેન દરજી
કેનેડા

માર્ગદર્શન આપી શકે. સુગ્રીવ પણ ભગવાન શ્રીરામના સખા, ભાઇ, સેવક બનીને રહ્યા હતા. શ્રી રામ સુગ્રીવને પોતાના સાચા દોસ્ત કહેતા હતા. દોસ્તી એ એક એવું ફૂલ છે કે તે આપણું જીવન સુગંધથી ભરી દે છે.

દોસ્તી તો પિતા-પુત્ર વચ્ચે હોય, માતા-દિકરી વચ્ચે હોય, શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે હોય છે. સાચી દોસ્તી એક છોડ જેવી હોય છે. જે ધીમે ધીમે વધીને મોટું વૃક્ષ થાય છે અને જીવનભર છાયો આપે છે. જે મન અને હૃદયથી આપણી સાથે હોય એ સાચી દોસ્તી કહેવાય. આપણી સફળતા જોઇને વધારે ખુશ થાય એવી દોસ્તી હોવી જોઇએ.

જીવનમાં દોસ્તીનો સબંધ પ્રેમથી પણ મોટો છે. કારણ કે દોસ્ત કદી બેવફા હોતો નથી.

મહાભારતના યુદ્ધમાં કર્ણ એક ઉત્તમ વ્યક્તિ ધર્મની એક એક વાત જાણવાવાળા સત્ ચરિત્ર વાળા હોવા છતાંય દૂર્યોધનનો માર્ગ અધર્મનો હોવા છતાંય એ સબંધનો આધાર દોસ્તીનો, મિત્રતાનો હતો અને દૂર્યોધનની સેના તરફ રહી મહાભારતનું યુદ્ધ લડ્યા છે. આમ કર્ણ સાચી દોસ્તીનું ઋણ અદા કર્યું છે.

દોસ્તી એટલે સમય ઘટે પણ વાતો ન ખૂટે.

હું કહું અને તમે સાંભળો એ સારી દોસ્તી પણ હું કે તમે કંઇ ના બોલો અને તેમ છતાંય બધુ જ સમજાઇ જાય તે સાચી દોસ્તી.

દોસ્તીનો અર્થ એક પ્યારૂ દિલ જે ક્યારેય નફરત ના કરે એક એવો સબંધ કે જે ક્યારેય ખતમ ન થાય.

દોસ્તી એટલે એવો સંબંધ કે જ્યાં ભગવાન પણ પૂર્ણવિરામ નથી મુકી શકતા.

મુશળધાર વરસાદમાં પણ દોસ્તના આશુંને ઝીલી લે. જે આંખ બંધ કરીને પણ એકબીજા પર વિશ્વાસ કરે તે સાચી દોસ્તી કહેવાય. દોસ્તીમાં કોઇ તોલમાપ હોતું નથી. દોસ્તી એટલે કશાનો ભાર નહીં. દોસ્તી એટલે નદીનો સૂકો કિનારો પણ રળિયામણો લાગે.

દોસ્તી પ્રાર્થનાથી કોઇ કમ નથી અને દોસ્તીની કોઇ મોસમ નથી. આ લેખ વાંચીને આપણે આપણા સાચા દોસ્તને યાદ કરીએ તો જ આપણી દોસ્તી એ સાચી દોસ્તી કહેવાશે.

# શાંતિની કિંમત: ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્ય

આપણા સામાજિક-માનવીય બંધારણના ઘડતરથી જ સમાજ, દેશ અને રાષ્ટ્ર શાંતિ જાળવી રાખવા માટે કિંમત ચૂકવતા આવ્યા છે. અને આજે, વર્તમાન સમયે, આપણે એ જ શાંતિ, સ્વસ્થતા, સંતુલિતતા, સુખ, આનંદ અને મોજ પાછી મેળવવા માટે કિંમત ચૂકવી રહ્યા છીએ.

આપણે,એટલેકેશાંતિઈચ્છનારાઓ, જ્યારે કિંમત ચૂકવીએ છીએ, ત્યારે અશાંતિ સર્જનારા વિધર્મી અને વિકૃત લોકો પણ આપણને મળવાપાત્ર શાંતિ માટે કિંમત ચૂકવશે જ. ઇતિહાસ સાક્ષી છે કે જ્યારે પણ ધર્મ અને શાંતિ પર આંચ આવી છે, ત્યારે તેના સર્જકોએ ભયંકર પરિણામો ભોગવવા પડ્યા છે.

આપણા શાસ્ત્રો અને ઇતિહાસમાંથી અનેક ઉદાહરણો મળે છે જે આ વાતને સમર્થન આપે છે:

શૂર્પણખાએ કિંમત ચૂકવી: ભગવાન રામના અપમાન બદલ તેણે પોતાના નાક કપાવવાની કિંમત ચૂકવી.

રાવણે કિંમત ચૂકવી: સીતાહરણના પાપે રાવણે પોતાના પ્રાણ ગુમાવી, સોનાની લંકાને બરબાદ થતી જોઈ, અને પોતાના જ ભાઈ વિભીષણને સામે પક્ષે બેઠેલો જોયો.

કંસે કિંમત ચૂકવી: દેવકીના આઠમા સંતાન દ્વારા મૃત્યુના ભયથી તેણે અસંખ્ય અત્યાચારો કર્યા, અને અંતે તેણે કિશોર બાલકૃષ્ણના હાથે ચિત્ત થઈને કિંમત ચૂકવી.

કૌરવોએ કિંમત ચૂકવી: ધર્મ અને ન્યાયનો ત્યાગ કરીને, દુર્યોધનના અહંકાર અને દુષ્ટતાને કારણે સમસ્ત કૌરવ કુળનો નાશ થયો. તેમણે પોતાના

લેખક - પરેશ શાહ, શિક્ષણવિદ
jparesh67@gmail.com

જીવન ગુમાવીને કિંમત ચૂકવી.

પાંડવોએ કિંમત ચૂકવી: ધર્મની સ્થાપના માટે યુદ્ધ કરવું પડ્યું, જેમાં તેમને પોતાના જ મોટા ભાઈ કર્ણને સામે પક્ષે જોઈ અને પોતાના જ હાથે તેમનું મૃત્યુ થયેલું જોઈને ભારે કિંમત ચૂકવવી પડી.

ભીષ્મએકિંમતચૂકવી:હસ્તિનાપુરની રાજગાદી પ્રત્યેની તેમની પ્રતિજ્ઞાએ તેમને ધર્મ અને અધર્મ વચ્ચેના સંઘર્ષમાં બાંધેલા રાખ્યા અને તેમને કુરુક્ષેત્રના યુદ્ધમાં ભારે કિંમત ચૂકવવી પડી.

રાજા દશરથે કિંમત ચૂકવી: રાણી કૈકેયીને આપેલા વચનને કારણે તેમને પોતાના પ્રાણ પ્રિય પુત્ર શ્રીરામને ચૌદ વર્ષ માટે વનવાસમાં મોકલવાની કિંમત ચૂકવવી પડી.

અયોધ્યાના નગરજનોએ કિંમત ચૂકવી:પોતાના પ્રિય રાજકુમાર શ્રીરામને ચૌદ વર્ષ માટે વનવાસમાં જતા જોઈને તેમને પણ દુઃખ અને વિરહની કિંમત ચૂકવવી પડી.

શાંતિ ખરેખર અણમોલ, અમૂલ્ય અને ભારે કિંમતી છે. તેની કિંમત ત્યારે જ સમજાય છે જ્યારે તે છીનવાઈ જાય છે. આપણે ભારતીયો 1947 અને તે પૂર્વેથી જ આતંકવાદીઓને સમયસર રોકી ન શક્યા તેની કિંમત ચૂકવી રહ્યા છીએ. જ્યારે શાંતિ કાળ હોય છે ત્યારે તેની કિંમત સમજાતી નથી, અને તેથી પછી શાંતિ મેળવવા માટે લડવું પડે છે, એટલે કે નવા પ્રકારે કિંમત ચૂકવવી પડે છે.

આજે, “સ્વ-ઘોષિત” “શાંતિપ્રિય” લોકો દ્વારા કરાયેલ હત્યાકાંડ પછી વેરવિખેર થયેલ શાંતિ પાછી મેળવવા માટે આપણે યુદ્ધ સ્વરૂપે કિંમત ચૂકવવાની છે. અને એ દેશ પણ આપણા તત્કાલીન સમયના વામણા બની બેઠેલા નેતાઓની દેન છે! એટલે કે, આપણી જ ભૂલનું વરવું પરિણામ આપણી સામે આવીને ઊભું છે. યાદ રાખવા જેવું છે કે ઇતિહાસ જુઓ પિતા ને આદર આપવાની પ્રથા જ નથી; એ શાસક પિતા ને તડપતો જોઈ આનંદ અનુભવે છે. એક પિતા પોતાના નજરકેદ મકાનમાંથી તાજમહેલ જોતા જોતા તડપી તડપી મર્યા હતા

હવે આ યોગ્ય સમય છે કે આપણે અધર્મી અને વિકૃત લોકો પાસેથી કોઈપણ કિંમતે શાંતિ પાછી મેળવીએ. શાંતિની કિંમત છે સામે આવી ઉભેલી પરિસ્થિતિનો સામનો કરવો, “come what may!” ભલે ગમે તે થાય, આપણે શાંતિ માટે લડવું પડશે અને તેને પાછી મેળવવી પડશે.





HOMELIFE

HIGHER STANDARDS

HomeLife/Miracle Realty Ltd.

Brokerage, Independently Owned & Operated

**SANJU PATEL**

Broker

DIRECT 647-721-0491

OFFICE 905-454-4000

FAX 905-463-0811

REALTOR

MLS MULTIPLE LISTING SERVICE

Email realtorsanju@gmail.com

Web www.shivbijhomes.com






# કામિકા એકાદશી (ગાયના દૂધનો પ્રસાદ )

યુધિષ્ઠિરે પૂછયું : "વાસુદેવ ! આપને નમસ્કાર ! અષાઢના કૃષ્ણપક્ષમાં કઇ એકાદશી આવે છે ? કૃપા કરી એનું વર્ણન કરો." ભગવાન શ્રી કૃષ્ણ બોલ્યાઃ "રાજન ! સાંભળો, હું તમને એક પાપનાશક ઉપખ્યાન કહું છું કે જેને પૂર્વકાળમાં નારદજીના પૂછવાથી બ્રહ્માજીએ કહ્યું હતું."

નારદજીએ પ્રશ્રન કર્યોઃ "હે કમલાસન ! હું આપની પાસેથી આ સાંભળવા ઈચ્છુ છું, કે અષાઢના કૃષ્ણપક્ષમાં જે એકાદશી આવે છે ? પ્રભુ એ બધું મને કહો !" બ્રહ્માજીએ કહ્યું : "નારદ ! સાંભળો. હું સંપૂર્ણ લોકોના હિતની ઈચ્છાથી તમારા પ્રશ્નો ઉત્તર આપી રહ્યો છું. અષાઢ માસના કૃષ્ણપક્ષમાં જે એકાદશી આવે છે એનું નામ "કામિકા" છે. એના શ્રવણ માત્રથી વાજપેય યજ્ઞનું ફળ મળે છે. આ દિવસે શ્રીહરિ વિષ્ણુંનું પૂજન કરવું જોઇએ."

લેખક - શ્રી કિરીટભાઈ પટેલ કેનેડા

ભગવાન શ્રીકૃષ્ણના પૂજનથી જે ફળ મળે છે. એ ઘણું દુર્લભ પૂણ્ય છે. જે સમુદ્ર અને વન સહિત સમગ્ર પૃથ્વીનું દાન કરે છે અને જે કામિકા એકાદશીનું વ્રત કરે છે એ બન્નેને સમાન ફળ મળે છે. માટે પાપભીરુ મનુષ્યે યથાશકિત, પૂરો પ્રયત્ન કરીને કામિકા એકાદશીના દિવસે શ્રીહરિનું પૂજન કરવું જોઇએ. જે પાપરુપી કીચડથી ભરેલ સંસાર સમુદ્રમાં ડૂબી રહ્યા છે, એમનો ઉધ્ધાર કરવા માટે કામિકા એકાદશીનું વ્રત સૌથી ઉત્તમ છે. અધ્યાત્મવિદ્યા પરાયણ પુરુષો જે ફળની પ્રાપ્તિ થાય છે. એના કરતા પણ વધારે ફળની પ્રાપ્તિ આ વ્રત કરવાથી થાય છે. કામિકા એકાદશીનું વ્રત કરનાર મનુષ્ય રાત્રે જાગરણ કરીને કયારેય ભયંકર યમદુતના દર્શન નથી કરતો અને કયારેય દુર્ગતિમાં પણ નથી પડતો.

લાલમણી, મોતી, સુવર્ણ વગેરે દ્વારા પૂજિત થઇને વિષ્ણુ એટલા સંતુષ્ટ નથી થતા કે જેટલા તુલસીદળ દ્વારા પૂજિત થવાથી સંતુષ્ટ થાય છે. જેણે તુલસીની મંજરીઓ દ્વારા શ્રીકેશવનું પૂજન કરી લીધુ છે એના જન્મભરના પાપોનો ચોકકસ નાશ થઇ જાય છે.

या दृष्टा निखिलाघसंघशमनी स्पृष्टा वपुष्पावनी ..
रोगाणामभिवन्दिता निरसनी सिक्तान्तकत्रासिनी ।
प्रत्यासत्तिविधायिनी भगवतः कृष्णस्य संरोपिता
न्यस्ता तच्चरणे विमुक्तिफलदा तस्यै तुलस्यै नमः ॥

'જે તુલસી દેવીના દર્શનથી બધા પાપોનો નાશ કરે છે, સ્પર્શ કરીને શરીરને શુદ્ધ કરે છે, નમસ્કાર કરીને રોગો મટાડે છે, જળ ચઢાવવાથી યમરાજને પણ ડરાવે છે, લગાવવાથી ભગવાન કૃષ્ણની નજીક લઈ જાય છે અને ભગવાનના ચરણોમાં અર્પણ કરવા પર મોક્ષનું ફળ આપે છે, તેને નમસ્કાર.'

જે વ્યક્તિ એકાદશી પર દિવસ-રાત દીપદાન કરે છે, ચિત્રગુપ્ત પણ તેના પુણ્યની સંખ્યા જાણતો નથી. જે વ્યક્તિ એકાદશી પર ભગવાન કૃષ્ણની સામે દીવો પ્રગટાવે છે, તેના પૂર્વજો સ્વર્ગમાં પહોંચ્યા પછી અમૃત પીને તૃપ્ત થાય છે. ભગવાન સમક્ષ ઘી કે તલના તેલથી દીવો પ્રગટાવીને, લાખો દીવાઓથી પૂજા કર્યા પછી શરીર છોડીને સ્વર્ગમાં જાય છે.'

ભગવાન શ્રીકૃષ્ણ કહે છેઃ "યુધિષ્ઠર ! આ તમારી સમક્ષ મે કામિકા એકાદશીના મહિમાનું વર્ણન કર્યું. આ એકાદશી બધા પાતકોનું હરણ કરનારી છે. આથી મનુષ્યોએ આનું વ્રત અવશય કરવું જોઇએ. આ સ્વર્ગલોક અને મહા પૂણ્ય ફલ પ્રદાન કરનારી છે. જે મનુષ્ય શ્રધ્ધા સાથે આનું મહાત્મ્ય સાંભળે છે એ બધા પાપોથી મુકત થઇને શ્રી વિષ્ણુ લોકમાં જાય છે."

સર્વે વૈષ્ણવોને અમારા જય શ્રી કૃષ્ણ.

# કિચન એટલે કે રસોડું આપણા ઘરનું રસોડું એ ઘરનું હૃદય



જ્યોતિષ- આચાર્ય શ્રી સુરેશભાઇ ગાંધી
કેનેડા

વાસ્તુશાસ્ત્રમાં આપણા જ્યોતિષ આચાર્ય શ્રી સુરેશભાઈ ગાંધીનો આજનો વિષય છે કિચન એટલે કે રસોડું આપણા ઘરનું રસોડું એ ઘરનું હૃદય છે જેમ આપણા શરીર માટે હૃદય અગત્યની ભૂમિકા ભજવે છે તેમ રસોડું આપણા ઘર માટે ખૂબ જ જરૂરી વિષય છે વાસ્તુની એક કોમન વાત છે કે અગ્નિ ખૂણામાં કિચન હોવું જરૂરી છે અગ્નિ અને પાણી એટલે કે પનિયારુ સાથે સાથે એક સાઈડમાં ના હોવા જોઈએ અને રસોઈ બનાવનાર નું મુખ પૂર્વ દિશા તરફ હોય તો એ વધુ સારું કહેવાય પરંતુ બધા માટે કિચનનું વાસ્તુ ઘણીવાર શક્ય હોતું નથી જેમ કે ઘરમાં ભાગફોડ કરવો જગ્યા નો અભાવ તથા આર્થિક તકલીફ અને સાથે ઘણીવાર ઘરના સભ્યો વાસ્તુ સાથે ની મંજૂરી પણ જરૂરી છે એટલે ઘણી વાર જે તે સ્થિતિમાં પણ રહેવું પડે છે એવામાં ખૂબ જ સહેલો ઉપાય છે તમારે સર્વપ્રથમ તમારા કિચનમાં માતા અન્નપૂર્ણાજી નો એક ફોટો મૂકવો જે નાનો હશે તો પણ ચાલે અને પ્રાર્થના કરી રસોઈ ની શરૂઆત કરો સાથે અગ્નિદેવતાને પણ યાદ કરો અને જે કંઈ પણ બનાવો છો તે તમારા પરિવારના સભ્યોને જે કંઈ પણ જરૂરિયાત છે તે પૂર્ણ થાય આવા પવિત્ર વિચારો સાથે રસોઈ કાર્ય પૂર્ણ કરો. કારણ કે ભગવાન બુદ્ધ કહે છે કે"" આપણે આપણા વિચારોનું પ્રતિબિંબ છીએ વિચારો જ બધું છે""આપણે જેવું વિચારીએ તેવા બની જઈએ છીએ તો એક વાત ચોક્કસ છે તમારા વિચારોમાં ગણી શકતી છે ઉર્જા છે અને સાથે તમે જેમાં પણ વિશ્વાસ રાખો છો તેમની પવિત્ર ઉર્જા તમને તમારા કાર્યમાં મદદરૂપ થાય છે એટલે જ"" જેવું અન્ન તેવું મન""માટે આપણા માટે મનની શક્તિ સર્વ શ્રેષ્ઠ છે તથા તમારી રસોઈ બની ગયા પછી આપણા સનાતન ધર્મ પ્રમાણે એક મંત્રનો ઉપયોગ પણ કરી શકાય**અહમ વૈશ્વાનરો ભૂતવા પ્રાણી નામ***જેથી આપણું પાંચ તત્વનું શરીર સદા માટે નીરોગી રહે છે અને પવિત્ર ઊર્જાની હાજરીથી કિચનના વાસ્તુદોષનું પણ આપોઆપ નિવારણ થઈ જાય છે ખાસ નોંધ આ બાબતમાં નિયમિતતા જરૂરી છે




# વિટામિન B-12ની ઉણપના લક્ષણો અને આયુર્વેદીક ઉપચાર




લેખક - દીનાબેન ગોપાણી, કેનેડા

લક્ષણો- ચામડીનો રંગ ફિક્કો કે પીળો પડવો, રક્તકણો નબળા થાય, અશક્તિ, થાક, ખાલી ચડી જવી, ગતિશીલતા માં ફેરફાર, મોઢામાં ચાંદા પડવા, ચક્કર આવવા, શ્વાસની તકલીફ,

ઉપાય - 100 ગ્રામ દેશી ગોળ, 20 ગ્રામ ધાણા પાવડર, 2 ચમચી ગાયનું ઘી મિક્ષ કરીને પાયો બનાવીને થોડું પકાવવું. ત્યાર બાદ એની નાની નાની ગોળીઓ બનાવી લેવી. એ ગોળીને સવારે અને સાંજે જમ્યા પહેલા ચૂસી લેવી. આમ કરવાથી મોઢામાં લાળ બનવાનું ચાલુ થશે અને એ લાળ ખોરાકમાં ભળ્યા બાદ આપણું શરીર કુદરતી રીતે વિટામીન B12 બનાવતું થઈ જશે. ગોળી ચુસાઈ ગયા બાદ તરત જ જમી લેવુ.

# લીંબુ શરબત પીવાથી થાય છે જબરદસ્ત ફાયદા

1 ઈમ્યુનીટી માં ફાયદો કરે.
2 મોં ની દુર્ગંધ માં ફાયદો કરે.
3 કિડની માટે લાભદાઈ.
4 પાચન સુધારે.
5 એનર્જી બૂસ્ટ કરે.
6 હતાશા દૂર કરે.
7 બ્લડ પ્રેશર સુધારે.
8 હાઈડ્રેશન રાખે.
9 વજન ઓછું કરે.
10 ત્વચા સારી બનાવે.



Abhay Joshi
(Mortgage Agent Level 2)

AFFINITY MORTGAGE SOLUTIONS INC
DOMINION LENDING CENTRES

# Looking for Mortgage Services?

- 1st & 2nd mortgage
- Home equity loans
- Residential mortgage
- Commercial mortgage
- Refinancing
- and many more

CONTACT US




CELL : (647) 409-5848
Lic #M22003707



# યુનાઈટેડ ગુજરાત સિનિયર પરિવારે ચિંકુષી પાર્ક ખાતે ઉનાળુ પીકનીકનો આનંદ સૌ વડીલોએ માણ્યો







યુનાઇટેડ ગુજરાત સિનિયર પરિવારે ચિંકુષી પાર્ક ખાતે ઉનાળુ પીકનીકનો આનંદ સૌ વડીલોએ માણ્યો તથા જુલાઈ માસમાં જેમનો જન્મદિવસ આવતો હોય તેમના જન્મદિવસની શુભેચ્છાઓ સાથે ઉજવણી કરી ગ્રુપ કો.ઓર્ડિનેટર શ્રી અશ્વિનભાઈ શાહ દ્વારા સૌને પ્રોત્સાહિત કરવામાં આવ્યા।

**સંપાદક અશ્વિન શાહ**
**ગ્રુપ કો-ઓર્ડીનેટર**

બ્રેમટન. યુનાઈટેડ ગુજરાત સિનિયર પરિવારની ચિંકુષી પાર્ક ખાતે ઉનાળુ પીકનીકનો આનંદ સૌ વડીલોએ માણ્યો ગત માસની જુનની પીકનીકમાં ગ્રુપ કો-ઓર્ડીનેટર અશ્વિન શાહ દ્વારા તારીખ ૧૨/૦૭/૨૦૨૫ની જાહેરાત કરી દરેક સભ્યોને તેમની અનુકૂળતા ગ્રુપમાં જણાવવા વિનંતી કરવામાં આવી હતી. પરિવારના ૬૨ સભ્યોએ હાજર રહેવા સંમતિ આપેલ

ગયા વખતે સ્થળની તકલીફ પડતા ગ્રુપના શ્રી ગોપલભાઈ શાહ અને રમણભાઈ પટેલે વહેલા જઈ જગા રોકવા સ્થળ પર ૭.૩૦ વાગે પહોંચી અમારા નિયમિત સ્થળે જગા તે રોકી લીધો હતી

દર વખતની જેમ રાબેતા મુજબ સવારે દશ વાગતા પહેલા પરિવારના બધા સભ્યો ચિંકુષી પાર્કમાં ભેગા થઈ ગયા, સૌ પ્રથમ અશ્વિન શાહ દ્વારા મંગલાચરણનું ગાન કરેલ જેમાં પરિવારના સભ્યો જોડાયા હતા અને આશરે ૧૦,૧૫ વાગે ચા/કોફી સાથે પરિવારના સભ્ય તૃપ્તિબેન દીપકભાઈ શાહ દ્વારા સપ્લાય કરેલ ચા કોફી અને ભેલ કચોરી સાથે કલ્યાણીબેન પટેલે બનાવી તેમના તરફથી સ્પોન્સર કરેલ સ્વાદિષ્ટ ખીચું પીરસવામાં આવેલ જેનો બધાએ આનંદ માણેલ. વિક્રમભાઈ પટેલ તરફથી પરિવારના દરેક મેમ્બરને ખાખરાના એક એક પેકેટ પણ વહેંચવામાં આવ્યા હતા.

આ વખતે અમો એ ત્રણ ચાર મહેમાનને આમંત્રિત કરેલ પણ સમયની અનુકૂળતા નહીં હોવાના કારણે ગુજરાત વીકલીના એડિટર ડો.લલીતભાઈ ઠાકર, શીલાબેન ઠાકર અને બી. આર. પટેલ [ડોન] વ્યસ્ત હોવા છતાં વડીલોનું માન સાચવવા આશરે ૪૫ મિનિટ જોડાયા હતા અને લલિતભાઈએ એમની સ્ટાઈલમાં શાયરી /ડાયલોગથી બધાને ખુશ કરી દીધા હતા અને ડોને પણ એક સુંદર સંદેશ રૂપે વડીલોને મેસેજ પાસ કરેલ ત્યાર પછી દર વખતની જેમ જ ગીત સંગીત, ગરબા જોક અને ડાન્સ મનોરંજનનો રોમાંચક કાર્યક્રમ માણેલ. આમાં રજની અને દિપીકાબેન તૈયાર કરેલ ગેમ પણ રમાડવામાં આવી હતી જેમાં ૩ વિજેતાને ગ્રુપના ફંડમાંથી રોકડ ઈનામ પણ આપેલ આ ક્રાયક્રમનું સંચાલન આ વખતે શશીકાંત ઓઝા અને રજની પંચાલે કરેલ.

આ પ્રોગ્રામમાં અશ્વિન શાહની વિનતીથી કિલના ડેન્ટલ ક્લિનિક માંથી ડો. સાગર શાહ આ ગ્રુપમાં જોડાયેલ એમનો આગ્રહ ગ્રુપને કંઈક આપવાનો હતો, પણ અમે પરિવાર સિવાયનું ડોનેશેનનેના પાડી અને મારા એમના કિનિકના રેકોર્ડ પરથી અશ્વિન શાહની બર્થ ડૅની ખબર હતી એટલે ગ્રુપ માટે સુંદર ઈંડા વગરની કેક આપેલ જેમાં પરિવારના બધા જન્મ તારીખના મિત્રો આ કેક દ્વારા જન્મ દિવસની ઉજવણી ક્રરલ આ બાદ ડો. સાગર શાહે વિના મુલ્યે દાતની સારવાર કઈ રીતે લઈ શકાય એની વિસ્તૃત માહીતી આપેલ અને કોઈ પણ જાતની આશા વિના નવ ફોર્મ ભરી પરિવારના સિનિયર કે જુનિયર બધાને સી. પી. ડી. સી.ના લાભ માટે કાર્ડ ધારણ /નવીની કરણ જેવી બધી સેવાની વિનામુએ કરવા ઓફર કરેલ અને આ સેવાનો પરિવારના ત્રણ ચાર સભ્યો સંતોષકારક રીતે લાભ લઈ ચુક્યા હતા.

આશરે ૨,૪૫ વાગે માલાબેન લાડની ત્યાંથી અશોકભાઈ દેસાઈ અને સાથી મિત્રો એમના ઘરેથી સ્વાદિષ્ટ સુરતી ઉંધીયું. શ્રીખંડ, પુરી વાટીદાળના ખમણ, ચટણી અને પાપડ લઈ આવેલ જે પિરસવામા આવેલ. આ વખતની રસોઈથી બધા ખુબજ પ્રસન્ન થયેલ અને બધા પ્રશંસા કરતા આ ભોજનનો આનંદ માણો હતો.

આ માસમાં જન્મ પ્રસંગે પરિવારના સભ્યોએ ફાળો આપેલ જેમાં સુસ્મિતા, અશ્વિન શાહ, નીલાબેન બી. શાહ, પ્રદીપભાઈ પરીખ, નાનાભાઈ શાહ, નરેન્દ્રભાઈ શાહ, વિઠ્ઠલભાઈ શાહ અશ્વિનભાઈ ઠાકર અને પરિવારના સંબધમાં આવેલ મહેમાન જાગૃતિબેન પંકજભાઈ શાહ [અમદાવાદ] નો સમાવેશ હતો આરીતના ડોનેશનના કારણે ટોકન રકમથી પણ આ પીકનીક સરપલ્સ રકમ સહિત સફળ થયેલ. આ વખતે લેવડ દેવડનું કામકાજ શૈલેષભાઈ અને ગોપાલભાઈ દેસાઈ એ સુંદર રીતે નિભાવ્યુ હતું.



જમણવાર પત્યા બાદ થોડી રમતનો આનંદ માણી ગપસપ કરી અંતમાં પરિવારના સભ્ય શ્રી કીર્તિભાઈ વ્યાસ અને વત્સલાબેન વ્યાસ દ્વારા સ્પોન્સર કરેલ આઈસ્ક્રીમનો આનંદ લીધેલ

આશરે ૪-૦૦ વાગે હવામાન ભાનુભાઈ મિસ્ત્રી અને મહેમાન તરીકે આવેલમાં અચાનક પલટો આવતા મિટિંગમાં બાકીનો કાર્યક્રમ પડતો મૂકી સમાપન કરવાનું નક્કી કરવામાં આવેલ.

આવતી વખતે તારીખ ૨૩/૮/૨૫ના દિવસે નંદ મહોત્સવ અને મટકીનો કાર્યક્રમ જાહેર કરેલ જેમાં હરીશભાઈ અમીન અને શૈલેષભાઈ દેસાઈએ ઉજવણી કરવા માટે એડવાન્સમાં સ્પોન્સર સીપ જાહેર કરીઅને એ રકમ પણ ગ્રુપમાં આપી દીધી છે.

અંતમાં ગ્રુપ કો-ઓર્ડીનેટર, અશ્વિન શાહે પરિવારના દરેક સભ્યો સક્રિય ફાળો આપતા હોવાથી બધાનો આભાર માની બધા ઉત્સાહ પૂર્વક નંદ મહોત્સવની ભવ્ય ઉજવણીની ચર્ચા કરતા છુટા પડયા હતા.

"Honest Deals. Real Results."

Your Trusted Partner
in Every Property (Residentials / Commercials) Journey

Jignesh Patel
REAL ESTATE BROKER



Stop Renting. Start Owning.
Your Dream Home Awaits!

- Personalized Guidance for Buyer & Sellers
- More Than 5+ Years of Experience
- Transparent Service
- Check Reviews on Google & Instagram and Lets get Started!!

Let's Get Started
647-381-1492

realtor@jignesh.ca

5010 Steeles Ave. W., Suite 11A
Toronto ON M9V 5C6
Office: 416-747-97777
Fax: 416-747-7135
realtor@jignesh.ca

HOMELIFE
HIGHER STANDARDS

# ઈરાકના શોપિંગ મોલમાં આગ, 60 લોકોનાં મોત

## 5 દિવસ પહેલાં જ ખૂલ્યો હતો, મોલના માલિક સામે કેસ નોંધાયો








ઈરાકના કુટ શહેરમાં એક મોટા સુપરમાર્કેટમાં ભીષણ આગ લાગવાથી અત્યારસુધીમાં 60 લોકોનાં મોત થયાં છે અને 11 લોકો ગુમ છે. આ માહિતી ઈરાકની સત્તાવાર સમાચાર એજન્સી INA દ્વારા આપવામાં આવી છે.

શહેરના એક આરોગ્ય અધિકારીએ રોઈટર્સ ન્યૂઝ એજન્સીને જણાવ્યું હતું કે 59 પીડિતની ઓળખ કરવામાં આવી છે, પરંતુ એક મૃતદેહ એટલો બળી ગયો હતો કે તેની ઓળખ થઈ શકી નહીં.

વિસ્તારના ગવર્નરે જણાવ્યું હતું કે ઈમારતના માલિક અને મોલ સામે કેસ નોંધવામાં આવ્યો છે. આ મોલ માત્ર 5 દિવસ પહેલાં જ ખૂલ્યો હતો. હાલમાં આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો છે.

હાલમાં આગ લાગવાનું કારણ જાણી શકાયું નથી, પરંતુ ગવર્નરે કહ્યું હતું કે ઘટનાની તપાસ શરૂ થઈ ગઈ છે અને પ્રારંભિક રિપોર્ટ આગામી 48 કલાકમાં જાહેર કરવામાં આવશે.

સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહેલા વીડિયોમાં શહેરમાં પાંચ માળની એક ઈમારત આગની લપેટમાં જોવા મળી રહી છે અને ફાયરની ટીમ આગને કાબૂમાં લેવાનો પ્રયાસ કરી રહ્યા છે.

આગ પહેલા માળે શરૂ થઈ અને ઝડપથી આખી ઈમારતમાં ફેલાઈ ગઈ. એક પ્રત્યક્ષદર્શીના જણાવ્યા મુજબ, આગ એરકન્ડિશનરમાં વિસ્ફોટથી શરૂ થઈ હતી. અકસ્માત બાદ સમગ્ર પ્રાંતમાં ત્રણ દિવસનો શોક જાહેર કરવામાં આવ્યો છે.

સોશિયલ મીડિયા પર વાઈરલ થયેલા વીડિયોમાં 5 માળની ઈમારતમાંથી વિશાળ જ્વાળાઓ અને ધુમાડો નીકળતો દેખાયો હતો, જેમાં ફાયરની ટીમ આગ બુઝાવવા અને ફસાયેલા લોકોને બચાવવાનો પ્રયાસ કરી રહ્યા હતા.

ઈરાકના ગૃહ મંત્રાલયના જણાવ્યા અનુસાર, નાગરિક સંરક્ષણ ટીમોએ 45થી વધુ લોકોને બચાવ્યા હતા, પરંતુ ઘણા હજુ પણ ગુમ છે.

ઈરાકી વડાપ્રધાન મોહમ્મદ શિયા અલ-સુદાનીએ ગૃહમંત્રીને ઘટનાસ્થળની તપાસ કરવા અને ભવિષ્યમાં આવી ઘટનાઓ અટકાવવા પગલાં લેવાનો આદેશ આપ્યો હતો. દુબઈના મરીના વિસ્તારમાં 67 માળની એક બહુમાળી ઈમારતમાં ભીષણ આગ લાગી હતી. ગલ્ફ ન્યૂઝ અનુસાર, આગ એટલી ભયંકર હતી કે એની જ્વાળાઓ નીચેથી ઈમારતની ટોચ સુધી ફેલાઈ ગઈ હતી. ચારે બાજુ ધુમાડો હતો.

# યુલિયા સ્વિરિડેન્કો હવે યુક્રેનના નવા વડાપ્રધાન બન્યા

યુલિયા સ્વિરિડેન્કો હવે યુક્રેનના નવા વડાપ્રધાન બન્યા છે. રાષ્ટ્રપતિ વોલોદિમીર ઝેલેન્સકીએ તેમના નામની ભલામણ કરી હતી. આ પછી, યુક્રેનિયન સંસદે તેમને વડાપ્રધાન તરીકે ચૂંટ્યા.

યુલિયા અગાઉ નાયબ વડાપ્રધાન અને અર્થતંત્ર પ્રધાન હતા. તેઓ 39 વર્ષના છે અને વ્યવસાયે અર્થશાસ્ત્રી છે. તેમણે ડેનિસ શ્મિહાલનું સ્થાન લીધું છે, જેઓ 2020થી વડાપ્રધાન પદ સંભાળી રહ્યા છે. ડેપ્યુટી પીએમ તરીકે, સ્વિરિડેન્કોએ આ વર્ષે યુએસ રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથે ખનિજ સોદામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી, જેના પછી તેમની ખૂબ પ્રશંસા થઈ હતી. નવા મંત્રીમંડળમાં અન્ય કેટલાક ફેરફારો કરવામાં આવ્યા છે. શમિહાલ હજુ પણ મંત્રીમંડળમાં રહેશે, પરંતુ સંરક્ષણ પ્રધાન રહેશે નહીં. તેમના સ્થાને રૂસ્તમ ઉમારોવ પહેલાની જેમ સંરક્ષણ પ્રધાન રહેશે. અગાઉ ઝેલેન્સકીએ શમિહાલને સંરક્ષણ પ્રધાન બનાવવાની વાત કરી હતી. રાષ્ટ્રપતિ ઝેલેન્સકીએ એક દિવસ પહેલા એટલે કે 16 જુલાઈના રોજ જૂના મંત્રીમંડળનું વિસર્જન કરી દીધું હતું. આ પછી, તેમણે નવી સરકાર માટે તેમના પસંદ કરેલા લોકોની યાદી સંસદને આપી.

ઝેલેન્સકીની પાર્ટી 'સર્વન્ટ ઓફ ધ પીપલ' 2019થી 254 બેઠકો સાથે સંપૂર્ણ બહુમતી ધરાવે છે. યુલિયાને 262 સાંસદોનું સમર્થન મળ્યું જ્યારે 22એ તેમની વિરુદ્ધ મતદાન કર્યું. તે જ સમયે, 26 સાંસદોએ મતદાન કર્યું ન હતું. સંસદમાં બોલતા, ઝેલેન્સકીએ ભૂતપૂર્વ વડાપ્રધાન શમિહાલનો આભાર માન્યો અને કહ્યું કે હવે અમેરિકા જેવા દેશો સાથે નવા કરાર કરવા માટે નવી વ્યૂહરચના જરૂરી છે.

# અંતરીક્ષમાંથી પરત ફરી શુભાંશુ પત્નીને ભેટ્યો

## પરિવારને મળવું પણ અવકાશમાં ઉડાન ભરવા જેટલું અદ્‌ભુત



લખનઉના અવકાશયાત્રી શુભાંશુ શુક્લા, જે 18 દિવસ અવકાશમાં રહ્યા પછી પૃથ્વી પર પાછા ફર્યા હતા, બુધવારે તેમની પત્ની કામના અને 6 વર્ષના પુત્ર કિયાશને મળ્યા. શુભાંશુએ તેમની પત્નીને ભેટ્યા અને તેમના પુત્રને તેડ્યો હતો. તસવીરો શેર કરતાં શુભાંશુએ ઈન્સ્ટાગ્રામ પર લખ્યું - અવકાશ ઉડાન અદ્‌ભુત છે, પરંતુ લાંબા સમય પછી પરિવારજનોને મળવું પણ એટલું જ અદ્‌ભુત છે. જ્યારે હું પૃથ્વી પર પાછો ફર્યો અને મારા પરિવારને ભેટ્યો ત્યારે મને એવું લાગ્યું કે હું ઘરે આવી ગયો છું. શુભાંશુએ પોસ્ટ દ્વારા જણાવ્યું- અવકાશમાં જતાં પહેલાં તેને 2 મહિના માટે ક્વોરન્ટીન કરવામાં આવ્યો હતો. તેને પરિવારથી 8 મીટરનું અંતર જાળવવું પડ્યું. મારા નાના દીકરાને કહેવામાં આવ્યું હતું કે તેના હાથમાં જમ્સ હોઈ શકે છે, તેથી તે પપ્પાને અડી શકશે નહીં.

દર વખતે તે તેની માતાને નિર્દોષ મને પૂછતો, 'શું હું મારા હાથ ધોયા પછી પપ્પાને અડી શકું છું?'

જોકે સ્પેસ સ્ટેશન પર જતાં પહેલાં અવકાશયાત્રીઓને ક્વોરન્ટીન કરવામાં આવે છે, જેથી કોઈ જમ્સ ISS સુધી ન પહોંચે. શુભાંશુ શુક્લા સહિત ચાર અવકાશયાત્રી 25 જૂને એક્સિયમ મિશન 4 હેઠળ આંતરરાષ્ટ્રીય સ્પેસ સ્ટેશન માટે રવાના થયા હતા.

26 જૂને ભારતીય સમય મુજબ સાંજે 4:01 વાગ્યે ISS પહોંચ્યા. 18 દિવસ ત્યાં રહ્યા પછી 15 જુલાઈએ પૃથ્વી પર પરત ફર્યા. કેલિફોર્નિયાના કિનારે સ્પેસક્રાફ્ટ લેન્ડ થયું.